ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧/૧/૨૦૧૯

તંત્રીશ્રી, _______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ)

---

# ચેમ્બરના ઇન્ફોર્મેટીવ સેશનમાં શિકાગોની યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસની તકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'વીસ્ડમ ટ્રી' વિષય ઉપર ઇન્ફોર્મેટીવ સેશન યોજાયુ હતુ. જેમાં અમેરીકાના અર્બન કેમ્પસના એકઝીકયુટીવ ડાયરેકટર તેમજ શિકાગોની ઇલીનોઇસ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી)ના ભુતપુર્વ વાઇસ પ્રેસિડેન્ટ શ્રી ડેવીડ બેકરે શિકાગોની જુદી–જુદી યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે અભ્યાસની અને નોકરીની રહેલી વિશાળ તકો વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને આવકાર વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, જે યુવાનો વિદેશમાં ભણીને કારકિર્દી બનાવવા માગતા હોય છે તેઓને શિકાગોમાં અભ્યાસ માટેની ઉજ્જવળ તકો રહેલી છે. શિકાગોમાં ઘણી એવી યુનિવર્સિટીઓ છે, જયાં ભારતીય વિદ્યાર્થીઓ સ્નાતક અને અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરીને કારકિર્દી ઘડી શકે છે. આજના સેશનમાં શ્રી ડેવીડ બેકર આપણને માર્ગદર્શન આપશે.

શ્રી ડેવીડ બેકરે જણાવ્યુ હતુ કે શિકાગોની ૨૩ જેટલી યુનિવર્સિટીઓ વચ્ચે કોલાબ્રેટ છે, જેમાં જે–૧ વીઝા પ્રોસેસથી ભારતીય વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવીને સ્નાતક અને અનુસ્નાતક તથા ત્યારબાદનો અભ્યાસ કરી શકે છે. શિકાગોની પબ્લીક અને પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં સારુ ભણતર ભણાવવામાં આવે છે. આથી આ યુનિવર્સિટીઓમાં અન્ય દેશોના વિદ્યાર્થીઓમાં ૪૦ ટકા વિદ્યાર્થીઓ ભારતના હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે શિકાગોમાં હાલ ઇન્ફોર્મેશન ટેકનોલોજી, કોમ્પ્યુટર સાયન્સ, કેમિકલ એન્જીનિયરીગ અને બાયો એન્જીનિયરીગ તથા ફાયનાન્સ ક્ષેત્રમાં નોકરીની વિશાળ તકો રહેલી છે. ત્યાંની ખાનગી કંપનીઓમાં સફળતાપૂર્વક બદલાવ આવી રહયો છે. શિકાગોની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરનાર ભારતીય વિદ્યાર્થી અભ્યાસનું પ્રથમ વર્ષ પૂર્ણ કરી બીજા વર્ષથી ખાનગી કંપનીઓમાં નોકરી પણ કરી શકે છે.

શ્રી બેકરે વધુમાં કહયુ હતુ કે, શિકાગોની યુનિવર્સિટીઓમાં પ્લેસમેન્ટ સેલ પણ કાર્યરત છે. જે વિદ્યાર્થીઓને સ્નાતક અથવા અનુસ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ થયા બાદ પ્લેસમેન્ટ માટે મદદરૂપ થાય છે. શિકાગોની આ યુનિવર્સિટીઓમાં એક્ષચેન્જ પ્રોગ્રામ પણ ઉપલબ્ધ છે. જેના થકી શિકાગોના વિદ્યાર્થીઓ ભારતમાં અને ભારતના વિદ્યાર્થીઓ શિકાગોમાં અભ્યાસ કરી શકે છે.

આ સેશનમાં ચેમ્બરના ઇવેન્ટ એન્ડ પ્રોગ્રામ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધીઓ કરી હતી. સેશનના અંતે તેમણે તમામનો આભાર માની સેશનનું સમાપન કર્યુ હતુ.